આપણું પોતાનું અખબાર

કામ એવી રીતે નિયમિત અને ચોકસાઇથી કરો કે બીજાને માટે તે દૃષ્ટાંત રૂપ બની જાય
- કૅંટ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૫૧ | ૨ મે, ૨૦૧૩, ગુરૂવાર; ચૈત્ર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરમાં હીટવેવ : હજુ ગરમી વધશે

## ૪૨.૩ ડિગ્રી ગરમી સાથે ગાંધીનગરમાં મોસમની સૌથી વધુ ગરમી : સમગ્ર રાજ્યમાં હીટવેવ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં સુર્યપ્રકોપ વધી રહ્યો છે. આજે ૪૨.૩ ડિગ્રી ગરમી સાથે ગાંધીનગર ગરમીમાં શેકાયું હતું. આજનો દિવસ મૌસમનો સૌથી વધુ ગરમ દિવસ રહ્યો હતો.

સમગ્ર ગુજરાતમાં સૂર્યપ્રકોપ છેલ્લા અઠવાડિયાથી યથાવત રહ્યો છે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેતા ગુજરાતના વસાહતીઓ ભારે ગરમીથી હેરાન પરેશાન થઈ રહ્યું છે. આકરી ગરમીથી ગાંધીનગર પણ બાકાત નથી રહ્યું. વૃક્ષો હોવા છતાં ગાંધીનગરમાં સૌથી વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે. ગરમીના આંકડાઓમાં પાટનગર ટોચ પર રહ્યું છે. છેલ્લા ઘણા દિવસોથી ધોમધખતા તાપ સાથે તાપમાનનો પારો ઉંચે ચઢી રહ્યો છે. આજે તો ૪૨.૩ ડિગ્રી સુધી ગરમીનો પારો પહોંચતા ભારે ગરમીની જનજીવન પર અસર થઈ છે. આખો દિવસ માર્ગો અવરજવર વિનાના સાવ સુના રહ્યા હતા. બપોરે તો બહાર નીકળો તો હાથ-પગ બળતા હોય તેવી અનુભૂતિ થતી હતી. આકરા તડકાથી બચવા માટે વાહનચાલકો ટોપી, રૂમાલ, મોજાનો ઉપયોગ કરતા નજરે પડતા હતા. વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધુ રહેતા આકરા તડકા સાથે ઉકળાટનો અનુભવ પણ થયો હતો. વસાહતીઓ પરસેવે રેબઝેબ બન્યા હતા. આગામી ૪૮ કલાકમાં હજુ તાપમાન ઉચે જવાની આગાહી હવામાન વિભાગે કરી છે. સમગ્ર રાજ્યમાં હીટવેવની અસર છવાશે. આકરા તડકાથી બચવા માટે અપીલ કરવામાં આવી છે.



### રાજ્યના મુખ્ય શહેરોનું મહત્તમ તાપમાન

| સ્થળ | તાપમાન |
|---|---|
| અમદાવાદ | ૪૨.૯ |
| ગાંધીનગર | ૪૨.૩ |
| ડિસા | ૪૧.૪ |
| વડોદરા | ૪૨.૯ |
| સૂરત | ૪૦ |
| રાજકોટ | ૪૨ |
| અમરેલી | ૪૩.૨ |
| શામળાજી | ૪૩ |
| મોડાસા | ૪૨ |
| ભુજ | ૪૧.૨ |
| સુરેન્દ્રનગર | ૪૨.૫ |
| કંડલા એરપોર્ટ | ૩૬.૯ |
| દીવ | ૩૮.૨ |
| ઈડર | ૪૨.૨ |
| વલ્લભ વિદ્યાનગર | ૪૨.૨ |
| મહુવા | ૩૯.૮ |

## રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત

### અમરેલીમાં ૪૩.૨ : અમાદવાદમાં તાપમાન વધીને ૪૨.૯ ડિગ્રી થયુ બપોરના ગાળામાં પારો સતત વધ્યો : રસ્તાઓ સૂમસામ

અમદાવાદ, તા.૧

સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં હવે કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યુ છે. અસહ્ય ઉકળાટ અને આખા દિવસ દરમિયાન બફારાની સ્થિતિ રહેલા લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. વહેલી સવારથી જ ગરમીની અસર શરૂ થઈ ગઈ હતી. સૂર્યનારાયણનો પ્રકોપ દિવસદરિયાન રહ્યો હતો. બપોરના ગાળામાં સૌથી વધુ ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. બપોરે તાપમાન ઝડપથી વધી ગયુ હતુ. જનજીવન સંપૂર્ણ અસ્તવ્યસ્ત થઈ ગયુ હતુ. બપોરના ગાળામાં રસ્તાઓ સૂમસામ દેખાઈ રહ્યા હતા. તીવ્ર ગરમીના કારણે લોકોએ બપોરે ઘરમાંથી નિકળવાનું પસંદ કર્યુ ન હતુ. હીટ વેવની સ્થિતિ અંગે ચેતવણી જારી કરવામાં આવી છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહીમાં જણાવવામાં આવ્યુ છે કે આગામી ૩૬ કલાક દરમિયાન મોટા ભાગના વિસ્તારોમાં હીટવેવનું મોજુ યથાવત રહેશે. આજે રાજ્યમાં સૌથી વધુ ગરમી અમરેલીમાં નોંધાઈ હતી. અહીં તાપમાન વધીને ૪૩.૨ ડિગ્રી થઈ ગઈ હતી જ્યારે આજે અમદાવાદમાં ગઈકાલની સરખામણીમાં તાપમાનમાં વધારો થયો હતો. ગઈકાલે ૪૧.૪ ડિગ્રી તાપમાન નોંધાયા બાદ આજે તાપમાન વધીને ૪૨.૯ ડિગ્રી થયુ હતુ અને લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો. પારો હજુ પણ ઉપર જવાની શક્યતા રહેલી છે. ૪૨થી વધુ તાપમાન ઘણી જગ્યાએ નોંધાયુ હતુ જેમાં ગાંધીનગર, ઈડર, વીવીનગર, વડોદરા, રાજકોટ, સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. ગરમીથી બચવા માટે લોકોએ પોત પોતાનીરીતે તમામ પ્રયાસો કર્યા હતા. રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં લોકોએ વધુ ગરમીનો અનુભવ કર્યો હતો. દિવસ દરમિયાન લોકો પરસેવે રેબઝેબ રહ્યા હતા. ઉનાળાનો તાપ હવે નડી રહ્યો છે. આગામી દિવસોમાં હજુ કોઈ રાહત નહીં મળે તેવી શકયતા છે. અમદાવાદમાં આવતીકાલે તાપમાન હજુ વધીને ૪૩ ડિગ્રી થાય તેવી શક્યતા છે.

## તાલુકા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન તરીકે ઘનશ્યામ પટેલની પસંદગી

### સામાજિક ન્યાય સમિતિમાં હસમુખભાઈ વાણિયાની પસંદગી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન તરીકે શ્રી ઘનશ્યામભાઈ પટેલ અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે શ્રી હસમુખભાઈ વાણિયાની આજે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

તાલુકા પંચાયતની નવી રચાયેલ સમિતિઓની આજે મળેલ પ્રથમ બેઠકમાં આ ચેરમેનોની નિયુક્તી કરવામાં આવી હતી.

આજે કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે ગાંધીનગર(દ) વિધાનસભામાંથી જ પસંદગી થતાં સભ્યોમાં થોડો ગણગણાટ જોવા મળ્યો હતો. જો કે આગામી દિવસોમાં આ વિવાદ ઘેરૂ સ્વરૂપ ધારણ કરે તેવી શક્યતાઓ રાજકીય વર્તુળોમાં વ્યક્ત થઈ રહી છે.

ગાંધીનગર કારોબારી સમિતિના અધ્યક્ષની વરણી કરવા બાબતે તથા સામાજિક ન્યાય સમિતિ ચેરમેનની વરણી કરવા બાબત, તાલુકા પંચાયત કચેરીએ બેઠકમાં યોજવામાં આવી કારોબારી સમિતિના તમામ નવ સભ્યો હાજર રહ્યો હતા. ભાજપા દ્વારા બંધ કવરમાં આપવામાં આવેલ મેન્ડેટ ખોલતા તાલુકા વિકાસ અધિકારી દ્વારા વાંચન કરવામાં આવ્યું. અને ભાજપાના આદેશ મુજબ સર્વાનુમતે શ્રી ઘનશ્યામભાઈ આદરભાઈ પટેલ, ઝુંડાલ તાલુકા પંચાયત સીટ કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકેની વરણી કરવામાં આવી.

ત્યાર બાદ ગાંધીનગર તાલુકા પંચાયત ન્યાય સમિતિના ચેરમેનની વરણી અંગે કાર્યવાહી હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## સનદી અધિકારીમાં બઢતી માટે પરીક્ષા અનિવાર્ય

### યુ.પી.એસ.સી. અને પર્સોનલ ડિપાર્ટમેન્ટ વચ્ચે આજે દિલ્હીમાં મહત્વની બેઠક; રાજયો પાસેથી સૂચનો મંગાવાયા

ગાંધીનગર, તા.૧

હવે, સનદી અધિકારી તરીકે કે ઈન્ડિયન પોલીસ સર્વિસીઝ કે ઈન્ડિયન ફોરેન સર્વિસીઝમાં પસંદગી માટે પરીક્ષા પધ્ધતિ દાખલ કરવા માટે ભારત સરકાર ગંભીરતાથી વિચારણા કરી રહી છે. આ માટે દરેક રાજય સરકારો પાસેથી સૂચનો પણ મંગાવવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આજે યુ.પી.એ.સી. તેમજ ભારત સરકારના પર્સોનલ ડિપાર્ટમેન્ટ વચ્ચે આ અંગે મહ્ત્વની બેઠક મળશે અને તેમાં આખરી નિર્ણય લેવામાં આવશે. ગુજરાત સરકારે અંગે સૂચનો શું કર્યા તેને લઈ સસ્પેન્સ રહેવા પામ્યું છે.

રાજયમાં તાજેતરમાં જ દસ સનદી અધિકારીઓની પ્રમોશનથી નિમણુંક થવા પામી છે. સામાન્યતઃ ૩૩ ટકા બેઠકો સનદી સેવામાં રાજય સરકારના અધિકારીઓને બઢતી આપવા માટે નિયત કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે યુ.પી.એસ.સી. દ્વારા પરીક્ષા પધ્ધતિ દાખલ કરવા અંગેનો નિર્ણય લેવાઈ ચુકયો છે હવે ભારત સરકારના પર્સોનલ ડિપાર્ટમેન્ટ અને યુ.પી.એસ.સી.ની સંયુકત બેઠકમાં જે નિર્ણય લેવામાં આવશે તે આખરી થશે.

યુ.પી.એસ.સી. એ જે પરીક્ષા પધ્ધતિ સૂચવી છે તેમાં પણ મૂલ્યાંકન પ્રથાને લઈ બે ભાગ સૂચવવામાં આવ્યા છે. ફિલ્ડમાંથી આવતા અધિકારીઓ અને વહીવટીય કેડરમાંથી આવતા અધિકારીઓ એમ બે ભાગ પાડવામાં આવ્યા છે. ફિલ્ડમાંથી આવતા અધિકારીઓના મૂલ્યાંકનમાં નોકરીના સમયગાળાનું મૂલ્યાંકન ૨૦ ટકા સુધીનું સૂચવવામાં આવ્યું છે જયારે વહીવટીય કેડરમાં તેનું સ્થાન નથી.

યુ.પી.એસ.સી. એ એક જ દિવસે બે પ્રશ્નપત્રો દ્વારા આ પરીક્ષા લેવામાં આવે તેવું સૂચવ્યું છે. અને તેનું મૂલ્યાંકન ભારાંક નિમણુંક માટે ૪૦ ટકા જેટલું દર્શાવ્યું છે. આ પ્રશ્નપત્રો પણ બે કલાકના રાખવામાં આવશે. આ પ્રશ્નપત્રો ૨૦૦ માર્કના હશે. આ પ્રશ્નપત્રો અંગ્રેજીમાં રહેશે તેમજ ઉત્તરની ભાષા પણ અંગ્રેજી રહેશે. આ પ્રશ્નપત્રોમાં ભારતના વર્તમાન બનાવો, સરકારની જાતિ, પડકારો અને તેના ઉકેલો, પર્યાવરણ, ઈતિહાસ, સોશ્યલ ઈકોનોમીક જીયોગ્રાફી જેવા વિષયોને આવરી લઈ પ્રશ્નો પુછવામાં આવશે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલા સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ નવી પધ્ધતિ જો અમલમાં આવે તો ૩૩ ટકા જે જગ્યાઓ છે તેમાં તકો ઘટવાની શકયતા વધુ રહેલી છે.

હાલમાં ગુજરાત વહીવટી સેવાના અધિકારીઓને ૧૫ વર્ષ સુધી એડીશનલ કલેકટર તરીકે પણ બઢતી પામી શકયા નથી ત્યારે આ જોગવાઈથી આ કેડરનું ભાવિ પણ ધુંધળુ થવાનો ભય વ્યકત થઈ રહ્યો છે.


ગુજરાત સરકારે શું સૂચન મોકલ્યા તે વિશે જાણવા મળી શકયું નથી. પરંતુ ગુજરાત શું રજુઆત કરે છે તેના પર સૌની નજર મંડાયેલી જરુર છે.

## ગાંધીનગરમાં ગુજરાત ગૌરવદિનની ભવ્યાતીભવ્ય ઉજવણી















(તમામ તસવીરો : દિપક જાની)